Seat No. : _______________

# DE-110

**December-2021**

**B.A., Sem.-III**

## CC-203 : Gujarati
## (મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-I)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

### વિભાગ-1

નીચેના આઠ પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના જવાબ આપો :

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. **14**

2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને પ્રેરનારાં રાજકીય તેમજ સાંસ્કૃતિક પરિબળોનો ખ્યાલ આપો. **14**

3. મધ્યકાલીન સાહિત્યના મુખ્ય પ્રવાહો વિશે લખો. **14**

4. કવિ નરસિંહ મહેતાના જીવન, સમય અને સાહિત્યસર્જનનો વિગતે પરિચય કરાવો. **14**

5. 'મીરાંની કવિતા માત્ર મધ્યકાલીન સાહિત્યની જ નહીં, આદ્યપર્યંત ગુજરાતી કવિતાની મોંઘી મૂડી બની રહે છે' – આ વિધાનને કેન્દ્રમાં રાખી મીરાંના કાવ્યસર્જન વિશે વિગતે નોંધ તૈયાર કરો. **14**

6. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ ભાલણના પ્રદાન વિશે લખો. **14**

7. ટૂંકનોંધ લખો : **14**
   (1) 'ભરતેશ્વરબાહુબલિરાસ'
   (2) 'વસંતવિલાસ'

8. રાસ, પદ, કાફી કે ચાબખામાંથી કોઈપણ બે સ્વરૂપનો તેના સર્જક અને એ સ્વરૂપની મહત્ત્વની કૃતિઓ સહિત પરિચય કરાવો. **14**

## વિભાગ-2

9. નીચે આપેલ MCQમાંથી કોઈપણ આઠના ઉત્તર આપો : **8**

(1) ઈ.સ. 12મીથી 14મી સદી સુધીના યુગને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) પ્રાગ્-નરસિંહયુગ (B) રાસયુગ

(C) હૈમયુગ (D) ઉપરના તમામ

(2) ધર્મઝનૂની મુસલમાન સુલતાનોના સમયને કોણે 'ભ્રમણયુગ તરીકે ઓળખાવ્યો છે ?

(A) કે.કા. શાસ્ત્રી (B) હરિવલ્લભ ભાયાણી

(C) ગોવર્ધનરામ ત્રિપાઠી (D) અનંતરાય રાવળ

(3) નીચેનામાંથી કયો ગ્રંથ એનાં છેલ્લાં પૃષ્ઠોમાં સચવાયેલા અપભ્રંશ દુહાઓને કારણે ગુજરાતી ભાષી પ્રજાનો ઉત્તમ દસ્તાવેજ બની રહ્યો છે ?

(A) 'સિદ્ધહેમશબ્દાનુશાસન' (B) 'દ્વાત્રિંશિકા'

(C) 'કાવ્યાનુશાસન' (D) 'દ્વયાશ્રયકાવ્ય'

(4) કવિ કાલિદાસના 'મેઘદૂત' પરથી પ્રેરણા લઈને કયા કવિએ 'સંદેશક રાસક'ની રચના કરી છે ?

(A) જયશેખરસૂરિ (B) અબ્દુલ રહેમાન

(C) શ્રીધર વ્યાસ (D) અસાઈત

(5) 'પૃથ્વીચંદ્રચરિત્ર' ગદ્યકૃતિના કર્તાનું નામ જણાવો.

(A) માણિક્યસુંદરસૂરિ (B) વિનયપ્રભસૂરિ

(C) હીરાનંદસૂરિ (D) તરૂણપ્રભસૂરિ

(6) 'પ્રબોધચિંતામણિ' જેવી સંસ્કૃત કાવ્યકૃતિના ગુજરાતી રૂપાંતર તરીકે મધ્યકાળમાં કઈ કૃતિ મળે છે ?

(A) 'વિદ્યાવિલાસપવાડુ' (B) 'વિમલપ્રબંધ'

(C) 'પ્રબંધચિંતામણિ' (D) 'ત્રિભુવનદીપકપ્રબંધ'

(7) પંદરમા શતકથી આરંભાયેલી ગુજરાતી ભક્તિકવિતાને શ્રી અનંતરાય રાવળે કેટલી ધારામાં વિભાજિત કરી છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

(8) કવિ જયદેવના 'ગીતગોવિંદ'ની સ્પષ્ટ અસર નરસિંહ મહેતાની કઈ કૃતિમાં જોઈ શકાય છે ?

(A) 'દાણલીલા' (B) 'ચાતુરીઓ'

(C) 'વસંતના પદો' (D) 'રાસસહસ્રપદી'

(9) નરસિંહ મહેતાનો પ્રિય છંદ કયો છે ?

(A) ચોપાઈ (B) દોહરા

(C) હરિગીત (D) ઝૂલણા

(10) મધ્યકાળના કયા કવિને 'આખ્યાન સ્વરૂપના પિતા' ગણવામાં આવે છે ?

(A) નરસિંહ મહેતા (B) ભાલણ

(C) નાકર (D) પ્રેમાનંદ

(11) મધ્યકાળમાં કોની પાસેથી ક્યાંક શબ્દશઃ તો ક્યાંક સારાત્મક અનુવાદો પ્રાપ્ત થયા છે ?

(A) ભાલણ (B) નાકર

(C) માંડણ બંધારો (D) કર્મણ મંત્રી

(12) 'નરસિંહ રો માહેરો' અને 'સત્યભામાજીનો રૂસણો' મીરાંની કેવા પ્રકારની કૃતિઓ છે ?

(A) પદકવિતા (B) આત્મકથનાત્મક રચનાઓ

(C) દીર્ઘકથાત્મક રચનાઓ (D) આમાંથી એકપણ નહીં

(13) 'હતો નરસિંહ હતી મીરાં; ખરાં ઈલ્મી, ખરાં, શૂરાં' – આ કયા કવિએ નરસિંહ અને મીરાં જેવા સંતકવિઓને આપેલી અંજલિ છે ?

(A) કલાપી (B) ન્હાનાલાલ

(C) નરસિંહરાવ (D) બ.ક. ઠાકોર

(14) નીચેનામાંથી કયા કવિની કવિતામાં કલ્પનાશક્તિ અને ભવ્યનું તત્ત્વ જોડાયેલું છે ?

(A) નરસિંહ મહેતા (B) મીરાં

(C) ભાલણ (D) ઉપરનાં તમામ

(15) વિરહ એ કોની કવિતાનો સ્થાયીભાવ છે ?

(A) નરસિંહ મહેતા (B) મીરાંબાઈ

(C) ભાલણ (D) ઉપરમાંથી એકપણ નહીં

(16) મધ્યકાળમાં કયા કવિની કાફીઓ પ્રચલિત થઈ છે ?

(A) અખો (B) પ્રીતમ

(C) ધીરો (D) ભોજો ભગત